# પૈસા

*When it is a question of money,*
*everybody is of the same religion*

***- Voltaire***

ફ્રેંચ ફિલસૂફ વૉલ્ટેર કહે છે કે પૈસાની વાત આવે ત્યાં દરેક જણ એક જ ધર્મનો થઈ જાય છે! આદિકાળથી માણસને ધનની ભૂખ રહી છે તે આપણે જાણીએ છીએ, પણ અત્યારે તો ધનની ભૂખ એક ઝનૂનમાં ફેરવાઈ ગઈ હોય એવું નથી લાગતું?

નાણાં માટે કોઈ ખૂન કરે, કોઈ વિશ્વાસઘાત કરે, ગમે તેવું ખોટું કામ કરે. સામાન્ય માણસોની બાબતમાં આ બધું સમજાય. એમાં ક્યાંક ને ક્યાંક અંગત જીવનની લાચારી સંભવી શકે છે, પણ જ્યારે કરોડો રૂપિયાની હેરાફેરી અને ગોલમાલ મોટા માણસો કરે ત્યારે શું કહેવું? વાડ ચીભડાં ગળે પછી શું બચે?

અત્યારે આપણા દેશમાં જાણે કે વ્યાપક ભ્રષ્ટાચારનું મોટું ધુમ્મસ ઊતરી આવ્યું છે. ચહેરા બરાબર ઓળખી શકાતા નથી. કોઈ ને કોઈ ચહેરો ઓળખાય ત્યારે આંચકો લાગે છે. આવા મોટા માણસો આટલી હદે શા માટે જતા હશે? ચૂંટણીના ખર્ચા માટે? કોઈ પણ રીતે સત્તા મેળવવા અને ટકાવવા માટે?

રાજપુરુષોની મજબૂરી જ હોય તો પણ ઉચ્ચ અમલદારોનું શું? સત્તાધીશની કૃપા ટકાવી રાખવા માટે જ તેઓ આટલી હદે જાય તે ગળે ઊતરે તેવી વાત નથી.

દેશ કરોડો રૂપિયા ગુમાવી રહ્યાની આપણી ખોટ મોટી કહેવાય. જૂના જમાનામાં કહેવાતું કે જેનો રાજા વેપારી, તેની પ્રજા ભિખારી! આજે હવે લોકશાહીમાં એવું જ કહેવાય કે જેના શાસકો ભ્રષ્ટાચારી એ પ્રજા બિચારી ભિખારી!

કરોડો રૂપિયાનું નુકસાન ઘણું મોટું હોવા છતાં તેનાથી પણ વધુ મોટું નુકસાન બીજું એક છે, જે સૌથી મોટું નુકસાન લોકશાહી તંત્રમાં સામાન્ય પ્રજાની શ્રદ્ધાને પહોંચેલી ઠેસનું થયું એ છે. એવું લાગે છે કે પ્રજાતંત્રની બાબતમાં સામાન્ય લોકો ‘નાસ્તિક’ બનતા જાય છે. તેમની આ રાજકીય નાસ્તિકતા મતદાન પ્રત્યેની ઉદાસીનતા રૂપે ઠેરઠેર જોવા મળે છે. સામાન્ય લોકો રાજપુરુષો અને ઉચ્ચ અમલદારોને સંડોવતાં કરોડો રૂપિયાનાં કૌભાંડોની મસાલેદાર અખબારી સામગ્રી વાંચીને કડવાશથી કહે છેઃ “આઝાદીની લડાઈમાં ભારતના નવલોહિયા યુવાનોએ આ દિવસ માટે પ્રાણની આહુતિ આપી હતી? ઉચ્ચ સ્થાનોનો મોહ છોડીને આઝાદીના જંગમાં ઝંપલાવનારા દેશભક્તોએ જે બલિદાન આપ્યાં, લાંબા કારાવાસ વેઠ્યા તે શું આ દિવસ માટે?”

લક્ષ્મીના વશીકરણથી જાણે કોઈ મુક્ત નથી. સફેદ નાણાં અને કાળાં નાણાં

વચ્ચેની લક્ષ્મણરેખા ભૂંસાઈ રહી છે! પૈસા એટલે પૈસા! લક્ષ્મી એટલે લક્ષ્મી! કોઈ ગોરી, કોઈ સાંવરી!

એક જરૂરિયાત તરીકે પૈસા અનિવાર્ય ગણાય. પૈસાથી ઘણાંબધાં સારાં કામ થઈ શકે છે, પણ અત્યારે પૈસા પાછળની દોટ માત્ર નાની કે મોટી જરૂરિયાત માટે જ છે એવું કહી શકાય તેમ નથી. દરેક માણસ આંખો બંધ કરીને એની પાછળ દોડી રહ્યો છે. કોઈ પણ રીતે, કોઈ પણ રસ્તે નાણાં મેળવવાની આ ઘેલછા ખોટી નથી શું?

માણસો પૈસા પાછળ આંધળી દોટ મૂકે છે તેનું એક કારણ એ છે કે માણસો માને છે કે એનાથી ખૂબ સુખસગવડ મળે છે. પૈસા એ અનેક ઉપાધિનો ઇલાજ બની શકે છે! વળી જેની પાસે પૈસા હોય તેને લોકો પૂજે છે. પૂજે નહીં તો પણ તેની નિંદા કરતાં કરતાં પણ અંજાઈ ગયેલા લાગે છે!

દુનિયાનાં ચશ્માં બહુ વિચિત્ર છે! માણસ પૈસા પાછળ દોડે તો કહેશે એ માણસ પૈસા પાછળ ગાંડો છે! માણસ પૈસા ભેગા કરે – સંચય કરે તો લોકો કહેશે કે એનું માનસ મૂડીવાદી છે. પૈસા વાપરી નાખે તો કહેશે કે રંગીલો છે. માણસ પૈસા કમાઈ કે મેળવી ન શકે તો કહેશે તે તદ્દન નક્કામો માણસ છે. માણસ પૈસા મેળવવાની અવનવી યોજનાઓ ન ઘડે તો માણસો કહેશે કે એ મહત્ત્વાકાંક્ષા વગરનો છે! કંઈ કામ કર્યા વિના પૈસા મેળવે તો લોકો કહેશે કે એને તો પારકા પૈસે તાગડધિન્ના કરવા છે! આખી જિંદગી આકરી મહેનત કરીને માણસ પૈસા ભેગા કરે તો લોકો કહેશે કે મૂર્ખ છે – એણે જિંદગીમાં કંઈ ભોગવ્યું નહીં! વિક ઓલિવરે આ મતલબનું કહેલું છે.

મૂળ વાત પર આવીએ તો જેમની સામે ભ્રષ્ટાચારના આરોપ મુકાયા છે તેમનો ગુનો પુરવાર ન થાય ત્યાં સુધી નિર્દોષ ગણાય. ન્યાયનો આ મૂળભૂત સિદ્ધાંત છે, પણ જેમની સામે હજુ પણ આંગળી ઉઠાવાઈ નથી એ બધા નિર્દોષ જ છે તેમ પણ કહી શકાય તેવું નથી.

પૈસાની આ અનંત પ્યાસને કળિયુગનું લક્ષણ કહેવું? એ પણ સાચું નથી, કેમ કે માણસના લાંબા ઇતિહાસમાં વારંવાર આ પ્યાસ જોવા મળી જ છે. કરુણતા એ છે કે ઘણાબધા માણસો સ્વીકારે છે કે પૈસાથી કંઈ સુખ મળતું નથી. શાંતિ પણ મળતી નથી. છતાં એવો ઘાટ થાય છે કે માયા દેખી મુનિવર ચળે! માણસો જ્યારે કહે છે કે સવાલ પૈસાનો નહીં, સિદ્ધાંતનો છે ત્યારે પણ ખરેખર સવાલ પૈસાનો જ હોય છે!

છતાં એ હકીકત છે – અંગ્રેજી લેખક હેન્રી ફિલ્ડિંગ કહે છે તેમ – તમે પૈસાને પરમેશ્વરની જેમ પૂજો ત્યારે તે શેતાનની જેમ તમને પરેશાન કરે છે. નિબંધકાર જી. કે. ચેસ્ટરટને એવું કહ્યું છે, "જ્યારે માણસ સુવર્ણને ભૂલી જશે ત્યારે સુવર્ણયુગ આવશે."

ચિત્રકાર પાબ્લો પિકાસોએ એવું કહ્યું છે કે, "મને ગરીબ માણસની જેમ જીવવું ગમે – મારી પાસે પુષ્કળ પૈસા હોય તો!"